# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, દેવભૂમિ દ્વારકા

પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, ધરમપુર-લાલપુર રોડ, જામ-ખંભાળીયા
ફોન નં.(૦૨૮૩૩) ૨૩૨૮૦૪/૨૩૨૮૦૫ ફેક્સ નં.(૦૨૮૩૩) ૨૩૨૧૦૨
E-Mail : collector-devbdwarka@gujarat.gov.in / dm-rev-devbdwarka@gujarat.gov.in

નં.ડીએમ/મેજી/વશી/૩૪/૨૦૧૯      તા.૨૫/૦૭/૨૦૧૯

પ્રતિ,
શ્રી વાસણભાઈ જી. આહીર,
માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક અને
શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ, ગુ.રા. અને
પ્રમુખશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪

વિષય :- શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ મોકલવા બાબત.

સંદર્ભ :- આપશ્રીના તા.૦૩/૦૧/૨૦૧૯ ના પત્ર નં.એજીટીટીએ/૨૦૧૮-૧૯/૨૦

માનનીયશ્રી,

ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, આપશ્રીના સંદર્ભિત પત્રથી શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ મોકલવા જણાવેલ. જે અન્વયે અત્રેના જિલ્લામાં વાહનોના પ્રવેશબંધી અંગેના જાહેરનામાંની નકલ આ સહ સામેલ છે. જેનાથી વિદિત થવા નમ્ર વિનંતી.

(એ.બી.પટેલ)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા

AGTTA
DT. : 6/8/2019
File No. : 20

નં.–ડીએમ–ડીસીએચ–૨૬૧૨(૧)/૧૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
દેવભૂમિદ્વારકા.
તા. ૭ /૦૮/૨૦૧૪

**ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩ (૧) (ખ) હેઠળનું જાહેરનામુ**

નવરચિત જિલ્લાઓ પૈકીના દેવભૂમિદ્વારકા જિલ્લાનું મુખ્યમથક ખંભાળીયા રાખેલ છે તેમજ તમામ સરકારી કચેરીઓ ખંભાળીયા શહેરમાં આવેલ હોઈ,શહેરમાં વધતા જતાં ટ્રાફીકના કારણે જાહેર રોડ ઉપર ટ્રાફીકની ગીચતા ઉભી થાય છે. અને વારંવાર ટ્રાફીક જામ થઈ જાય છે. અને ટ્રાફીક વ્યવસ્થા ખોરવાઈ જાય છે. ખંભાળીયા શહેરની ટ્રાફીક સમસ્યાને નિયંત્રણમાં રાખવી જરુરી હોવાથી ખંભાળીયા નગર પાલીકા વિસ્તારમાં પરિશિષ્ટમાં જણાવેલ માર્ગો ઉપર ભારે વાહનો જેવા કે ટ્રક,ટ્રેકટર,ખાનગી બસ,મીનીબસ,મેટાડોર વિગેરે પ્રકારના ભારે વાહનોને પ્રવેશ ઉપર અવર–જવર ઉપરતથા જાહેર માર્ગો ઉપર,ગલીમાં કે પેટા ગલીમાં ઉભા રાખવા ઉપર નિયમન રાખવા માટે પોલીસ અધિક્ષકશ્રી,દેવભૂમિદ્વારકાએ તા.૨૫/૧૨/૧૩ થી ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧) (ખ) હેઠળ નીચેના દર્શાવેલ માર્ગો ઉપર ભારે વાહનો જેવા કે **ખાનગી લકઝરી બસ,ખાનગી મીનીબસ,મેટાડોર** જેવા ભારે વાહનોને સવારના કલાક <u>૭–૦૦ થી ૧૩–૦૦</u> કલાક તથા સાંજના <u>૧૭–૦૦ થી ૨૦–૦૦</u> કલાક દરમ્યાન અવર જવર ઉપર,પ્રવેશ ઉપર તથા જાહેર માર્ગ,ગલી કે પેટા ગલીમાં ઉભા રાખવા પ્રતિબંધ ફરમાવવાં અત્રેને દરખાસ્ત કરેલ.

૧. રેલ્વે સ્ટેશનથી તૈલી નદીનો પુલ ત્યાંથી નગર નાકાથી જોધપુરનાકા સુધીનો વિસ્તાર
૨. મીલન ચાર રસ્તાથી તૈલી નદીનો પુલ થઈ નગર નાકા સુધી નગર નાકા સુધીનો વિસ્તાર
૩. ચોખંડા રોડ સતવારા સમાજની વાડીથી હનુમાનજીના મંદિર થઈ શારદા સિનેમા રોડ થી નગર નાકા સુધીનો વિસ્તાર
૪. મહાપ્રભુજીની બેઠકથી નગર નાકા સુધીનો વિસ્તાર
૫. રામનાથ સોસાયટીથી નગર નાકા સુધીનો વિસ્તાર

ઉકત દરખાસ્ત માન્ય રાખી પ્રાથમિક જાહેરનામાનો મુસદો લોકોની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ. તેમજ જાહેરનામાનો મુસદો ગુજરાત રાજયના સરકારી આજ્ઞાપત્રમાં તા. <u>૨૦/૦૧/૨૦૧૪</u> ના રોજ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર અત્રેની કચેરીને વાંધા અગર સુચનો મોકલી આપવા જણાવેલ. તેમજ સદરહું પ્રાથમીક જાહેરનામાની દૈનીક વર્તમાનપત્રોમાં પણ પ્રસિધ્ધિ કરવામાં આવેલ.

તદઉપરાંત અત્રેની કચેરીના મિટીંગ હોલમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના અધ્યક્ષસ્થાને માન. ધારાસભ્ય શ્રી પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં ખંભાળીયા શહેરના વિવધ વેપારી એસોસિયેશનના વેપારીજનો ની મિટીંગ તા.૦૫/૦૨/૨૦૧૪ ના રોજ કરી અત્રેથી બહાર પાડવામાં આવેલ પ્રાથમિક જાહેરનામાં અન્વયે માહિતગાર કરી પોતાના વાંધાસૂચનો લેખિતમાં મોકલી આપવા.ઉકત થયેલ મિટીંગ તેમજ દૈનીક વર્તમાનપત્રોમાં થયલ પ્રચાર –પ્રસાર અન્વયે નીચે જણાવ્યા મુજબના વાંધા/સુચનો અત્રેને રજુ થયેલ છે.જેની સામે પોલીસ અધિક્ષકશ્રી દેવભૂમિ દ્વારકાએ ઉકત જાહેનામા અન્વયે પોતાના રીમાર્કસ અત્રેને મોકલી આપેલ છે.જે આ મુજબ છે.

| ક્રમ | વાંધો લેનાર/સુચન કરનારનું નામ/તારીખ | વાંધા–સુચનની ટુંકમાં મુદાવાર વિગત | વાંધા–સુચન અન્વયે પો.અધિક્ષકશ્રીના રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ધી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ,જામ ખંભાળીયા તા.૦૬/૦૨/૨૦૧૪ | ૧.ઉકત જાહેરનામાથી વેપાર ધંધાને નુકશાન થવાની સંભાવના છે. | ના, |
| | | ૨. વસ્તીની સંખ્યાને ધ્યાને લઈ જાહેરનામું અમલ કરાવવા સૂચન છે. | હા, |
| | | ૩.ગલી –પેટા ગલીને જાહેરનામામાંથી બાદ રાખવા વિનંતી કરાવેલ છે. | જાહેરનામા મુજબ અમલવારી કરવી જરૂરી છે. |
| | | ૪. જાહેર વાહન માટે જોધપુર નાકેથી લાલપુર રોડ ઉપર અવર જવર માટે છુટછાટ અપાય તો ટ્રાફિક સમસ્યાનો હલ થઈ શકે તેમ છે તેવું સૂચન છે. | જોધપુર નાકા બહારથી લાલપુર રોડ ઉપર છુટછાટ અપાય તો કોઈ હરકત નથી. |
| ૨ | ખંભાળિયા ધી ગ્રેઈન મર્ચન્ટ એશોસિયેશન,કેટલ ફૂડ મર્ચન્ટ એશોસિયેશન,રીટેલ ગ્રેઈન એન્ડ કિરાણા મર્ચન્ટ એશોસિયેશન તા.૦૬/૦૨/૨૦૧૪ | ૧.ખંભાળિયામાં આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી માલ લે–વેચ કરવા બહોળા પ્રમાણમાં લોકો આવતા હોય ધંધા રોજગારને વિપરીત અસર ન થાય તે માટે પ્રવેશ બંધીના ટાઈમમાં તથા ફોર વ્હીલર સુધીના વાહનો જેવા કે ટેમ્પો, છોટા હાથી, મેટાડોર,બોલેરો તથા ટ્રેકટર વિ.ના પ્રવેશ પર થોડી છુટછાટ આપવા નમ્ર વિનંતી કરેલ છે. | જાહેરનામા મુજબ અમલવારી કરવી જરૂરી છે. |
| | | ૨.સવારના ૭ :૦૦ થી ૯:૩૦ કલાક સુધી ટેમ્પો, છોટા હાથી, મેટાડોર,બોલેરો તથા ટ્રેકટર જેવા વાહનો ને પ્રવેશમાં છુટ આપવામાં આવે જેથી મોડી રાત્રે અથવા વહેલી સવારે માલ ભરીને આવેલ વાહનો માલ ખાલી કરીને નીકળી જાય જેથી, વાહનનો ટ્રાફિકમાં થતો વધારો અટકે. | સવારના ક. ૮–૩૦ થી ક. ૧૩–૦૦ તથા સાંજના ક. ૧૬–૩૦ થી ક. ૨૦–૦૦ સુધી જાહેરનામાનો સમય રાખવો જરૂરી છે. |
| | | ૩.ઉપરોકત સમય દરમ્યાન કોઈ વાહનમાથી સંપૂર્ણ માલ અનલોડ થઈ શકયો ન હોય તેવા વાહનોને ગલી/પેટી ગલી માં આવેલ વેપારીઓના પેટા ગોડાઉનમાં માલ અનલોડ કરવાની છુટ આપવામાં આવે જેથી, મેઈન રોડ પર ટ્રાફિક ન થાય. | સવારના ક. ૮–૩૦ થી ક. ૧૩–૦૦ તથા સાંજના ક. ૧૬–૩૦ થી ક. ૨૦–૦૦ સુધીનો સમય રાખવામાં આવે તો કોઈ અશકય નથી. |
| | | ૪. ટ્રક સિવાયના નાના માલ વાહક વાહનોને સવારના ૮:૦૦ થી ૧૩:૦૦ કલાક સુધી પ્રવેશમાં છુટછાટ આપવામાં આવે.જેથી પ્રવેશ છુટ દરમ્યાન નાના વાહનો અને મોટા વાહનનો જથ્થો એકસાથે ભેગો ન થતાં ટ્રાફિકમાં રાહત રહે. | ઉપરોકત સમય મુજબ અમલવારી કરાવવી જરૂરી છે. |
| | | ૫. બજાણા રોડ તથા રામનાથ રોડ જયાં ટ્રાફિક જનરલી ઓછો હોય છે તે જાહેરનામામાંથી બાકાત રાખવામાં આવે. | સદરહું જગ્યાએ છુટછાટ આપવામાં આવે તો તમામ વાહનો ત્યાંથી ડાયવર્જન કરે તેવી શકયતા છે. |
| | | ૬.સાંજના પ્રવેશ બંધીનો સમય ૧૭:૦૦ થી ૨૦:૦૦ કલાકને બદલે ૧૭:૦૦ થી ૧૯:૦૦ કલાક રાખવામાં આવે.કારણકે,સાંજે ૧૯:૦૦ કલાક પછી સ્કૂલ બસોના ટ્રાફિક પૂરો થઈ ગયા પછી કોર્મશીયલ વ્હીકલ ના આવવાથી ટ્રાફિકમાં નડતર થયા વગર વેપારીઓ તેમજ મજૂર વર્ગ રાત્રિના સમયે કામકાજ પતાવી સમયસર ઘરે જઈ શકે. | સદર ટાઈમને બદલે ક. ૧૬–૩૦ થી ક. ૨૦–૦૦ રાખવામાં આવે તો અમલવારી બરાબર થઈ શકે તેમ જણાય છે. |
| | | ૭. ગલી પેટા ગલીમાં પ્રવેશબંધી દરમ્યાન વાહનો લોડ અનલોડ કરવાની છુટ આપવા વિનંતી. | જાહેરનામા અંગે તમામને એકસરખી અમલવારી કરવી જરૂરી છે. |
| | | ૮. જોધપુર ગેઈટ તેમજ ચાર રસ્તા વિસ્તારના વેપારીઓની ખાસ કરીને આવશ્યક ચીજ વસ્તુઓનું ટ્રાન્સપોર્ટેશન ટ્રક મારફતે થાય છે. જેમા,ઘણી વખત ચારથી પાંચ પાર્ટીઓનો માલ હોય છે.જે અનલોડ કરતા વધુ સમય લાગતો હોય ઉપરોકત છુટછાટ માંગેલ હોવાનું જણાવેલ છે. | સવારના ક. ૮–૩૦ થી ક. ૧૩–૦૦ તથા સાંજના ક. ૧૬–૩૦ થી ક. ૨૦–૦૦ સુધીના સમયગાળા સીવાયના સમયમાં તમામ કામ પુર્ણ થઈ શકે છે. |
| ૩ | ખંભાળિયા તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના ટેમ્પા તથા ટ્રેકટરના વાહન ધારકો તા.૨૮/૦૧/૨૦૧૪ | ૧. રેલ્વે સ્ટેશનથી ચુનારડા વાસ સુધીના માર્ગને પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે તો અમો અરજદારના વાહન માટે અવર જવર કરી શકીએ. | કારણ વ્યાજબી છે. |
| | | ૨. તેમજ જાહેરનામાંના સમયમાં યોગ્ય ફેરફાર કરવામાં આવે તો બહાર ગામથી ખંભાળિયામાં આવતા વાહન ચાલકોને સવારના ૫:૦૦ વાગ્ય ઉઠી રોજિંદી ક્રિયા શરૂ કરવાની પ્રક્રિયામાં છુટછાટ મળે. | સવારના ક. ૮–૩૦ થી ક. ૧૩–૦૦ તથા સાંજના ક. ૧૬–૩૦ થી ક. ૨૦–૦૦ સુધીના સમયગાળામાં ફેરફાર કરવા સુચન છે. |
| ૪ | જામ ખંભાળિયાના પરચૂરણ ટ્રાન્સપોર્ટ એસોશિયેશન<br>– જામનગર ટ્રાન્સપોર્ટ કું.<br>– બાબુભાઈ ટ્રાન્સપોર્ટ કું.<br>– જલારામ ટ્રાન્સપોર્ટ કું.<br>– ખંભાળિયા ટ્રાન્સપોર્ટ કું.<br>– અંબિકા ટ્રાન્સપોર્ટ કું<br>– શ્રી પરમાર ટ્રાન્સપોર્ટ કું<br>તા.૨૭/૦૧/૨૦૧૪ | ૧. સવારના ૯:૦૦ થી ૧૩:૦૦ તથા સાંજે ૧૭:૦૦ થી ૧૯:૦૦ કલાક સુધીમાં સમયમાં છુટછાટ આપવા વિનંતી કરેલ છે. | સવારના ક. ૮–૩૦ થી ક. ૧૩–૦૦ તથા સાંજના ક. ૧૬–૩૦ થી ક. ૨૦–૦૦ સુધી અમલવારી કરવી જરૂરી છે. |
| | | ૨.જામખંભાળિયા પરચૂરણ ટ્રાન્સપોર્ટમાં આવશ્યક ચીજ વસ્તુઓ તેમજ દવાઓ ઓકિસજન બાટલા ખાદ્ય ચીજ વસ્તુઓ ફળ ફૂલ શાકભાજી વિ.માલની હેરા ફેરી થતી હોય તેમના લગત ટ્રાન્સપોર્ટ કું.ની સાઈડમાં ગાડીઓ ઉભી રાખી ખાલી કરવા મંજૂરી માંગેલ છે. | જાહેરનામાની તમામ વાહનચાલકો દ્વારા અમલવારી કરવી જરૂરી છે. |
| | | ૩.ઉપરોકત સૂચનો માન્ય રાખવામાં આવેતો પબ્લીકને અડચણરૂપ થયા વગર કામ કરીશું તેવી ખાત્રી આપેલ છે. | સદરહું સમય બરાબર અને વ્યાજબી જણાય છે. તે મુજબ અમલવારી કરવી જરૂરી છે. |

ઉપરોકત વાંધા સુચનો અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ પ્રાથમિક જાહેરનામાના સમયમાં સવારના <u>૭.૦૦ કલાકને બદલે ૮:૩૦ કલાકથી ૧૩:૦૦ કલાક સુધી તથા સાંજના ૧૭.૦૦ કલાક ને બદલે ૧૬–૩૦ કલાક થી ૨૦–૦૦ કલાક</u> રાખવા રીમાર્કસ આપેલ છે.જાહેરનામામાંથી ગલી–પેટા ગલીને બાકાત રાખવાની વિનંતી અન્વયે જાહેરનામા મુજબ તેની અમલવારી કરવી જરૂરી છે તેમ જણાવેલ છે.બજાણા રોડ તથા રામનાથ રોડને જાહેરનામામાંથી બાકાત રાખવાના સુચન અન્વયે ત્યાંથી તમામ વાહનો ડાયવર્ઝન કરે તેવી શકયતા જોઈ સુચન ગ્રાહય રાખવામાં આવેલ નથી. રેલ્વે સ્ટેશનથી સુનારડા વાસ સુધીના માર્ગને જાહેરનામામાંથી મુકિત આપવાનું કારણ વ્યાજબી જણાવેલ છે.તેમજ ઉકત જાહેરનામામાં સમાવિષ્ટ તમામ વાહન ચાલકો દ્વારા રીમાર્કસમાં જણાવેલ સમય મુજબ અમલવારી કરાવવી જરૂરી છે.ટ્રક સિવાયના નાના માલવાહક વાહનોને સવારના ૦૮:૦૦ થી બપોરના ૧૩:૦૦ કલાક સુધી પ્રવેશમાં છૂટછાટ આપવા સંદર્ભે રીમાર્કસમાં જણાવેલ સમય મુજબ અમલવારી કરાવવી જરૂરી છે.પ્રવેશબંધીના સમયમાં ટેમ્પો,છોટા હાથી,મેટાડોર,બોલેરો,ટ્રેકટર,વિગેરના પ્રવેશ પર છૂટછાટ આપવાની વિનંતી ખંભાળિયા ઘી ગ્રેઈન મર્ચન્ટ એશોસિયેશન,કેટલ ફૂડ મર્ચન્ટ એશોસિયેશન,રીટેલ ગ્રેઈન એન્ડ કિરાણા મર્ચન્ટ એશોસિયેશન દ્વારા થયેલ છે.રીમાર્કસમાં જાહેરનામામાં જણાવેલ વાહનો પૂરતું જ પ્રવેશબંધીની અમલવારી કરવાની રહેશે.

ગુજરાત રાજયના અનેક નાના/મોટા શહેરોમાં પણ આવા ભારે વાહન પ્રવેશ પ્રતિબંધાત્મક હુકમો અમલમાં છે,જેના સારા પરિણામો જોવા મળેલ છે. તેમજ નવરચિત દેવભૂમિ દ્વારકા જિલ્લો બન્યા પહેલા કલેકટરશ્રી, જામનગર દ્વારા હુકમ નં.ડીએમ–ડીસીએચ–૧૯૪/૦૫ તા.૦૪/૦૨/૨૦૦૫થી ભારે વાહન પરના પ્રતિબંધ અંગેનું જાહેરનામુ અમલીકરણમાં છે. તદુપરાંત પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી આવેલ મુળ દરખાસ્ત તેમજ ત્યાર બાદ તે અન્વયે મળેલ સુધારાઓ તેમજ નગરજનોના વાંધા/સુચનો ધ્યાને લઈ હું ડી.કે.પારેખ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,દેવભૂમિ દ્વારકા જિલ્લો, મુ.ખંભાળિયા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧) (ખ) હેઠળ મને મળેલ સતાની રુએ પરિશિષ્ટમાં દર્શાવેલ માર્ગો ઉપર ભારે વાહનો જેવા કે **ખાનગી લકઝરી બસ,ખાનગી મીનીબસ,મેટાડોર તેમજ મોટર વ્હીકલ અધિનિયમ–૧૯૮૮ મુજબ ભારે વાહનની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા તમામ વાહનોને સવારના ૮–૩૦ કલાક થી ૧૩–૦૦ કલાક તથા સાંજના ૧૬–૩૦ કલાક થી ૨૦–૦૦ કલાક** દરમ્યાન અવર જવર ઉપર પ્રવેશ ઉપર તથા જાહેર માર્ગ,ગલી કે પેટા ગલીમાં ઉભા રાખવા પ્રતિબંધ ફરમાવું છું.

<u>પરિશિષ્ટ</u>

૧. રેલ્વે સ્ટેશનથી તૈલી નદીનો પુલ તયાંથી નગર નાકાથી પોસ્ટઓફિસ રોડ જોધપુરનાકા સુધીનો વિસ્તાર
૨. મીલન ચાર રસ્તાથી તૈલી નદીનો પુલ થઈ નગર નાકા સુધી નગર નાકા સુધીનો વિસ્તાર
૩. ચોખંડા રોડ સતવારા સમાજની વાડીથી હનુમાનજીના મંદિર થઈ શારદા સિનેમા રોડ થી નાકા સુધીનો વિસ્તાર
૪. મહાપ્રભુજીની બેઠકથી નગર નાકા સુધીનો વિસ્તાર
૫. રામનાથ સોસાયટીથી નગર નાકા સુધીનો વિસ્તાર

<u>અપવાદ</u>

આ હુકમ સરકારી, અર્ધસરકારી, નિગમ,સરકાર હસ્તકના બોર્ડ, તાલુકા પંચાયત, નગરપાલીકા, બેન્કો હસ્તકના ફરજ ઉપરના વાહનો,સ્કુલ બસ,એમ્બ્યુલન્સ,વિગેરેને તેમજ ટેમ્પો,છોટા હાથી, બોલેરો,ટ્રેકટર જેવા ભારે વાહનની વ્યાખ્યામાં ન આવતા આ વાહનોને લાગુ પડશે નહીં.

આ હુકમ તાત્કાલીક અસરથી અમલમાં આવે છે. તથા આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ... ૧૮૮ હેઠળ કાયદેસરના પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધી તમામ જાહેર સ્થળોએ દાંડી પીટાવીને લાઉડ સ્પીકર દવારા જાહેરાત કરાવીને તથા દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી અપાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ તા.૦૭ માંહેઃઓગષ્ટ–૨૦૧૪ રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડયું.

સહી/–
(કે.કે.પારેખ)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા

રવાના કર્યુઃ– તા.૧૧/૦૮/૨૦૧૪

નાયબ કલેકટર,દેવભૂમિ દ્વારકા

<u>નકલ રવાનાઃ–</u>

૧. સેસન્સ જજ શ્રી,જામનગર
૨. ફર્સ્ટ કલાસ જયુડી.મેજીસ્ટ્રેટશ્રી,કોર્ટ કમ્પાઉન્ડ,ખંભાલીયા
૩. પોલીસ અધિક્ષકશ્રી,દેવભૂમિદ્વારકા
   વધારાની ૧૦ નકલો સાથે પ્રસિધ્ધી થવા સારું.
૪. સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી,ખંભાલીયા,દ્વારકા
૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી,ખંભાલીયા
૬. મામલતદારશ્રી, ખંભાલીયા
૭. ચીફ ઓફિસરશ્રી,નગરપાલીકા,ખંભાલીયા
૮. સહાયક માહિતી નિયામકશ્રી,જામનગર
   અખબારોમાં વિનામુલ્યે પ્રસિધ્ધી કરાવવા સારું.
૯. મેનેજરશ્રી,સરકારી પ્રેસ રાજકોટ
   ઉકત જાહેરનામાની બે નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.